કાર્યપાલક ઈજનેર
ઉધના ઝોન

સુરત મહાનગરપાલિકા,
સાઉથ ઝોન (ઉધના),
સત્યનગર સામે,ઉધના,સુરત
FAX : 91-0261-2272147
PHONE : 2278429-2277043

**નં. સા.ઝોન /ટેક/૧૩૧૮**
**તા. ૧૬/૦૫/૨૦૨૨**

**પ્રતિ,**

....................
....................
....................
....................

**વિષય:–** સાઉથ ઝોન–એ(ઉધના)માં આવેલ વિવિધ સુરત મહાનગરપાલિકાની મિલ્કતોમાં વોટરપ્રુફીગ કરવાનું કામ.
**સંદર્ભ:–** (૧) સ્થા.સ.ઠ.નં.૪૮૯/૨૦૨૨, તા.૩૧/૦૩/૨૦૨૨ ના મંજુર ભાવે અને શરતે.(યુનિટ રેટ)
(૨) મા.એડી સીટી ઈજનેરશ્રીની તા.૧૬/૦૫/૨૦૨૨ ની મંજુરી.

**મહાશય,**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સાઉથ ઝોન–એ(ઉધના)માં આવેલ વિવિધ સુરત મહાનગરપાલિકાની મિલ્કતોમાં વોટરપ્રુફીગ કરવાના કામે સ્થા.સ.ઠ.નં.૪૮૯/૨૦૨૨, તા.૩૧/૦૩/૨૦૨૨ ના રોજ મંજુર થયેલ ટેન્ડર અંદાજીત રકમ થી ૧૪.૨૨% ઉંચાં ભાવને યુનિટ રેટ તરીકે મંજુર કરવામાં આવેલ હોય, સદર કામગીરી સંદર્ભ (૧) મુજબના ઠરાવ અને ટેન્ડરના મંજુર ભાવ અને શરતે (યુનિટ રેટ) મુજબ **રૂા.૩૫,૦૦,૦૦૦.૦૦/– પૈ. થી ૧૪.૨૨% ઉંચું એટલે કે રૂા.૩૯,૯૭,૭૦૦.૦૦ પૈ.** ની મર્યાદામાં ઉકત વિષય મુજબની કામગીરી કરવામાં આવશે.

ઉકત કામગીરી **રૂા.૩૯,૯૭,૭૦૦.૦૦ પૈ.** ની મર્યાદામાં સ્થા.સ.ઠ.નં.૪૮૯/૨૦૨૨, તા.૩૧/૦૩/૨૦૨૨ થી મંજુર થયેલ યુનિટ રેટના મંજુર ભાવે અને શરતે કામ કરવા સમંત હોય તો આપશ્રીની લેખિત સંમતિ તેમજ નીચે જણાવેલ ડોકયુમેન્ટ **તા. ૨૪/૦૫/૨૦૨૨** સુધીમાં સાઉથ ઝોન–એ(ઉધના) ખાતે મોકલી આપવા વિનંતી. ઉપરોકત જણાવેલ તારીખ પછી કોઈ બંધ કવર સ્વીકારવામાં આવશે નહી.

## –: શરતો :–

૧. અર્નેસ્ટમની ટીપોઝીટ રકમ કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે.ઓર્ડરથી સંમતિપત્રક સાથે રૂા.૩૫,૦૦૦/– ની આપવાની રહેશે.

૨. ઈજારદારે 'ઈ–૧ વર્ગ' રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણીત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૩. ઈજારદારે અંદાજીત રકમના ૨૦% એટલે કે રૂા.૭,૦૦,૦૦૦/– કે તેથી વધુ રકમની વર્તમાન (ચાલુ) વર્ષની રાષ્ટ્રીયકૃત બેંકની સોલવંશી સર્ટીફિકેટ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૪. ઈજારદારે પૂર્ણ કરેલ કામના/ અનુભવના સર્ટીફિકેટ (ફોર્મ ૩–એ) ની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

→ ઈજારદાર છેલ્લા ૦૭(સાત) વર્ષના સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ

➢ અંદાજિત રકમના ૪૦% એટલે કે રૂા.૧૪,૦૦,૦૦૦/–કે તેથી વધુ રકમ ના ૦૩(ત્રણ) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

**અથવા**

➢ અંદાજિત રકમના ૫૦% એટલે કે રૂા.૧૭,૫૦,૦૦૦/–કે તેથી વધુ રકમ ના ૦૨(બે) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

**અથવા**

➢ અંદાજિત રકમના ૮૦% એટલે કે રૂા.૨૮,૦૦,૦૦૦/–કે તેથી વધુ રકમ ના ૦૧(એક) સરખા પ્રકારના પૂર્ણ કરેલ કામ.

ટેન્ડરના ટેકનીકલ બીડમાં જણાવેલ શરતો મુજબ ઈજારદાર પૂર્ણ કરેલ કામના કુલ વર્કડન પર નાણાંકીય વર્ષ મુજબ મલ્ટીપ્લાઈંગ ફેકટર ગણતરીમાં લેવાશે.

૫. ઈજારદારે છેલ્લા ૦૩(ત્રણ) વર્ષના ટર્ન ઓવર સી.એ.ના લેટરપેડ પર સંમતિપત્રક સાથે આપવાના રહેશે.

૬. ઈજાદાર જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સર્ટીફિકેટની પ્રમાણિત નકલ સંમતિપત્રક સાથે આપવાની રહેશે.

૭. ઈજારદારે પાન કાર્ડ રજુ કરવાનું રહેશે.

૮. ઈજારદાર શીડયુલ–બી માં જણાવેલ ભાવ અને ટેકનીકલ બીડની શરતો ને બંધનકર્તા રહેશે.

૯. કોઈ પણ અથવા બધા જ સંમતિપત્રકો રદ કરવાનો અધિકાર સુરત મહાનગરપાલિકાને અબાધિત રહેશે તે અંગે કોઈ પણ કારણો આપવામાં આવશે નહિ.

૧૦. તમામ પ્રકારના વેરા ઈજારદારે ભોગવાના રહેશે.

૧૧. તમામ સરકારી/ અર્ધ સરકારી લાગુ પડતા કાયદાનું ઈજારદારે પાલન કરવાનું રહેશે.

૧૨. સદર કામગીરી બાબતે અત્રેના હાઉસીગ વિભાગના ટેકનીકલ સ્ટાફનો સંપર્ક કરવો.

૧૩. સદર કામગીરી ઉકત મંજુર થયેલ ટેન્ડરના Detail Tecnical Specification મુજબ કરવાની રહેશે.

SD/-
**કાર્યપાલક ઈજનેર**
**સાઉથ ઝોન–એ(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**